BAOU Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ગઝલકાર મરીઝ
# (૨૨/૧/૧૯૧૭ થી ૧૯/૧૦/૧૯૮૩)

## રમીલાબેન શુક્લા

'અબ્બાસ અબ્દુલ વાસી' નામ અજાણ્યું લાગે પણ 'મરીઝ' સાંભળીએ તો સાદા, સરળ શબ્દો મંડિત અર્થગહન ગઝલ સાંભળવા કાન સરવા થઇ ઉઠે. એમનો 'આગમન' ગઝલ સંગ્રહ ૧૯૬૩માં પ્રકાશિત થયો. મરણોત્તર પ્રકાશિત 'નકશા' ૧૯૮૫માં અને 'પુનરાગમન' સમગ્ર કાવ્યસંગ્રહ ૨૦૧૭માં પ્રગટ થયા.

'મરીઝ'નો જન્મ તા.૨૨ જાન્યુઆરી, ૧૯૧૭ના રોજ સૂરતના પઠાણવાડા વિસ્તારમાં, દાઉદી વહોરા કોમમાં થયો હતો. તેમના શિક્ષક પિતા અબ્દુલ વાસીના અગિયાર સંતાનોમાં મરીઝનો નંબર ત્રીજો હતો. મરીઝ દસેક વર્ષના હતા ત્યારે ટી.બી.ની બીમારીથી તેમની માતાનું અવસાન થયું હતું.

'મરીઝ'ને નિશાળના ભણતરમાં બિલકુલ દિલચસ્પી ન હતી. તેઓ માત્ર બે ધોરણ સુધી જ ભણ્યા. પરંતુ સૂરતમા ઝાંપાબજાર પાસે ઉર્દૂ સાહિત્યના શોખીન કસાઈઓની દુકાનોમાં સાંજે ઉર્દૂ શાયરોની ગઝલની મહેફિલ જામતી. મરીઝ ત્યાં જતા અને રસપૂર્વક ભાગ લેતા. અહીં તેમની મુલાકાત એમના ગુરુમિત્ર અમીન આઝાદ સાથે થઇ. જેઓ 'મરીઝ'ને ગુજરાતી ગઝલ તરફ લઇ ગયા અને 'મરીઝ' તખલ્લુસ આપ્યું.

૧૫ વર્ષની ઉંમરે 'મરીઝ' યુનિવર્સલ રબર વર્કસ; બૂટ બનાવતી મુંબઈની કંપનીમાં નોકરી કરતા અને પગારનો મોટો હિસ્સો ગુજરાતી ઉર્દૂ, ઈંગ્લીશ સાહિત્યના પુસ્તકો ખરીદવામાં વાપરતા. ત્રણ ભાષાનો જોડણીકોશ પણ સાથે રાખતા. 'અનીસ', 'મીર' અને 'મોમીન' એમના પ્રિય શાયરો હતા.

ઉગતી યુવાનીમાં પહેલો પ્રણય થયો પણ સ્થાયી આવક નહોતી અને શરાબ સેવનની ટેવને કારણે તેમનો લગ્નનો પ્રસ્તાવ નામંજૂર થયો. આ વિફલતાના પડઘા એમની ગઝલોમાં સતત સંભળાય છે.

"એક પળ જેના વિના તો ચાલતું નહોતું, 'મરીઝ',
કોણ જાણે કેમ આખી જિંદગી ચાલી ગઈ." (પુનરાગમન પૃ.૧૨૮)

૧૯૪૦ના અરસામાં લોકો ત્રણ-ચાર શાયરોને બોલાવી ગઝલનું રસપાન કરતાં જે બેઠક કહેવાતી. આવી એક બેઠકમાં તેમનો પરિચય ગુજરાતી સાહિત્યમાં રૂચિ ધરાવતા સોનાબેન સાથે થયો. મુલાકાતો વધતાં આ પરિચય પ્રેમમાં પરિણમ્યો અને તેમના પ્રેમની વાત વહોરા સમાજમાં ફેલાઈ ગઈ.

"એકાદ હોય તો એને છુપાવી શકું, 'મરીઝ',
આ પ્રેમ છે ને એના પુરાવા હજાર છે." (પુનરાગમન પૃ.૧૫)

કુટુંબીજનોના શરૂઆતના વિરોધ પછી ૧૯૪૬માં સોનાબેન સાથે તેમના લગ્ન થયા. સોનાબેન અત્યંત પ્રેમાળ અને ધૈર્યવાન મહિલા હતા, જેમણે મરીઝને ગરીબી ને બીમારીમાં જાળવ્યા. તમના બે સંતાનો મોહસીન અને દીકરી લૂલૂઆ સાથે અલગારી મરીઝના સંસારને સાચવી લીધો. મરીઝે સોનાબેનને બિરદાવતા કહ્યું છે,

"એમ ઊંચકી લીધુ છે મારું ઘર,
ભાર દરિયાનો એક મોતી પર." (તમે યાદ આવ્યા. પૃ.૩૧)

૧૯૪૨થી ૧૯૫૦ના સમયગાળામાં મરીઝ 'વતન' અને 'માતૃભૂમિ' દૈનિકમાં પત્રકાર તરીકે જોડાયા હતા. ત્યારબાદ 'ઉમ્મીદ', 'ખુશ્બુ', 'અઝાન' જેવા માસિકોમાં સંપાદક તરીકે કામ કર્યું. આ માસિકો પૈસાના અભાવે બંધ પડી ગયા. છેવટે 'ઇન્સાફ' અઠવાડિકના તંત્રી બન્યા અને જીવનમાં થોડી સ્થિરતા આવી. પાયધૂની મુંબઈમાં ચોથા માળે કાતરીયા જેવા એક રૂમમાં 'મરીઝ' સપરિવાર રહેતા હતા.

"બેસો, ઊઠો ગમે ત્યાં, ગમે ત્યાં હરોફરો
સગવડ જો સાચી પૂછો તો વેરાન ઘરમાં છે." (પુનરાગમન પૃ. ૪૧૩)

કોઈ એવો મિત્ર, સંબંધી કે ઓળખીતા નહીં હોય જેની પાસેથી મરીઝે પૈસા ઉધાર ના લીધા હોય. પણ મસ્ત મૌલા મરીઝ મુસીબતમાં પણ કેવી રમૂજ કરી લે છે.

"દુનિયામાં કંઈકનો હું કરજદાર છું, 'મરીઝ'

ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે", (પુનરાગમન પૃ.૨૦)

"નરસૈયો ને મરીઝ આ બિંદુ પર એક થાય છે." ૧

કૌટુંબિક જવાબદારી અને સુરાપાનની અતિશય ટેવને કારણે મરીઝને કાયમ આર્થિક ભીંસ રહેતી. આના ઉપાય રૂપે તેઓ પોતાની ગઝલો કે શેર છૂટક કે જથ્થાબંધ રીતે વેચતા. મુશાયરામાં નવોદિત શાયરોને ગઝલ લખી

૧. 'મરીઝોત્સવ' : મરીઝની ઉત્તમ રચનાઓ સાથેની આસ્વાદ યાત્રા-૨૦૨૧ 'સિત્તેર વરસ પહેલાં ગઝલબદ્ધ થયેલ આધુનિકતા'....રઈશ મનીઆર.

આપતા કે મઠારી આપતા. જરૂરત હોય ત્યારે ગલીના નાકે ઉભા રહીને પણ ગઝલ વેચી નાખતા. હરીન્દ્ર દવે એ એક ઠેકાણે ટાંકેલો પ્રસંગ

"એકવાર શાળામાં સંતાનની ફી ભરવા માટે કોઈ ધર્મગુરૂ વિશે લખેલી ઉર્દૂ નઝમ 'મરીઝે' એક ઉર્દૂ કવિને વેચી હોવાનો હું સાક્ષી છું."[૨] આવી ઘટનાઓમાં મરીઝની નિર્દોષતા અને લાચારી બંને કારણભૂત હતા.

"પણ હવે ઘરમાં સલામત નથી વસ્તુ કોઈ,

છેક નાકા ઉપર ઊભી છે ગરીબી મારી." (પુનરાગમન પૃ,૪૧૫)

મુંબઈમાં વસતા એક તબીબને મરીઝે પોતાનો ગઝલ સંગ્રહ 'દર્દ' વેચી દીધેલો. પુસ્તક તબીબના નામે છપાઈને તૈયાર થઇ ગયું, પરંતુ વિમોચનવિધિ સમારંભ પહેલા શૂન્ય પાલનપૂરીને ખબર પડી. શૂન્ય અને અન્ય શાયરો ભેગા મળી આ અનહોની અટકાવીને તબીબે એ સંગ્રહ પાછો ખેંચી લીધો. ગઝલક્ષેત્રે આ પ્રસંગે ભારે ઉહાપોહ જગાવેલો. આ વેચવા પાછળ મરીઝની ઈચ્છા એવી કે એ આવકમાંથી પોતે એક નાનું સરખુ મકાન લઇ શકે. શૂન્યે તેમની ગઝલમાં આ પ્રસંગનો આક્રોશ ઠાલવ્યો છે. પરંતુ 'મરીઝ' પોતાની જ મજાક કરતા લખે છે,

"મરીઝ આવું સુંદર લખે, અમને શક છે,

બીજા કને એણે કાવ્યો લખાવ્યાં !" (તમે યાદ આવ્યા પૃ.૨૯

૨. 'પુનરાગમન' સંપૂર્ણ શાયરી 'મરીઝ'૨૦૧૭ 'મુશ્કેલી ભર્યા વર્ષો..' હરીન્દ્ર દવે.

૧૯૬૪ના વર્ષમાં મરીઝને ટી.બી. થયેલો ને બે વર્ષ હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું. ૧૯૭૦માં કેટલાક ગઝલકારો અને ચાહકોએ ફાળો એકઠો કરવા મરીઝનો સન્માન સમારંભ અને મુશાયરો ગોઠવ્યો. જેથી મરીઝની મકાન લેવાની મુરાદ પૂરી થઇ શકે. પણ સન્માન સમિતિના

ખજાનચી ફાળાની બધી રકમ જુગાર રમવામાં ગુમાવી બેઠા. મરીઝ વ્યથિત થયા ને આ શેર અનુભૂતિ રૂપે આવ્યો.

"કદમોથી પણ વિશેષ થકાવટ હતી, 'મરીઝ'
મંઝીલ ઉપરથી પાછી ફરેલી નિગાહમાં." (પુનરાગમન પૃ.૪૨૦)

વળી પાછા હળવાશથી કહે છે,

"હવે જો ઘર ન ફળ્યું તો કરે છે કેમ વિલાપ ?
તનેય ક્યાં હતી પરવા 'મરીઝ' ઘર બાબત."(પુનરાગમન પૃ.૪૨૦)

અંતે એમના મોટાભાઈએ કુર્લામાં નાનો ફ્લેટ લઇ આપ્યો. વર્ષો પછી એમના પ્રથમ સન્માનનું આયોજન શ્રી શોભિત દેસાઈએ કર્યું હતુ. ૧૯૮૧માં સ્વ.જયવદન તકતીવાલા હસ્તક ભવ્ય મુશાયરો આયોજિત કરવામાં આવ્યો અને મરીઝને રૂ. ૭૧ હજારનો પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો. મોહનીસ અને લૂલૂઆ બંને ભાઈબહેન નોકરીએ લાગી ગયા હતા. એટલે મરીઝને ઘરખર્ચની ચિંતા કરવાની રહી નહીં. ૧૯૮૧થી ૧૯૮૩ સુધી મરીઝ ભાગ્યે જ ઘર બહાર નીકળતા. પોતાની રચાતી ગઝલ ડાયરીમાં અવ્યવસ્થિત રીતે ટપકાવતા. ગઝલના બે-ત્રણ શેર આગલા પાના પર તો બીજા શેર બીજે ક્યાંક, ક્યારેક બસની ટિકિટ પર તો સિગારેટના ખોખાં પર શેર લખી ડાયરીમાં મૂકી દેતા. તેઓ ઉર્દૂ અને ગુજરાતી બંને લિપિમાં ગઝલ લખતાં હતા.

૧૩ ઓક્ટોબર, ૧૯૮૩ની સાંજે રસ્તો પાર કરતાં એક ઝડપથી આવતી રીક્ષા સાથે તે અથડાયા. થાપા પર મલ્ટીપલ ફ્રેકચર થયુ. ૧૯ ઓક્ટોબરે ઓપરેશન કરવાનું નક્કી થયું. કદાચ એમને પોતાના મૃત્યુનો અંદેશો આવી ગયો હતો. એટલે ઓપરેશન પહેલા સર્જન મહેતાને શેર સંભળાવ્યો.

"ન માગ એની પાસે, ગજાથી વધુ જીવન,
એક પળ એવી દેશે વિતાવી નહિ શકે." (પુનરાગમન પૃ.૨૭૮)

ઓપરેશન તો સફળ નીવડ્યું. પરંતુ બપોરે તેમણે દીકરાને પાસે બોલાવતા કહ્યું. "મોહસીન, I am going" એક કાતિલ હાર્ટ એટેક આવતા મરીઝ સાહેબ આ લોક છોડી ગયા.

"દુનિયામાં મોકલી પસ્તાયો હતો તું,
મૃત્યુનું બહાનું કરી પાછો આવ્યો લે." (પુનરાગમન પૃ.૧૪૨)

પરંતુ મૃત્યુ તો કલાકારનું થાય છે. એની કલા તો ચિરંજીવી રહેતી હોય છે. મરીઝ સાહેબની ગઝલો એમની સરળ શૈલી, વેધકતા, ચિંતન અને ગહનતાને કારણે ગઝલરસિકોમાં

બહુ ઊંચું ને વિશિષ્ટ સ્થાન ધરાવે છે, સીમિત ભાષાભંડોળને કારણે મરીઝની ગઝલોમાં એક ગજબની સરળતા રહેતી. પણ શબ્દોની ઝાકમઝાળ વગર મરીઝે માનવમનના અને માનવજીવનના સંકુલ સંવેદનો ઝીલ્યાં છે. શૂન્ય પાલનપુરી નોંધે છે કે, "અરૂઝમાં જે શેરો સરળ હોય અને તેમાં ઘેરી ચોટ તેમજ ઊંડાણ હોય એવા શેરોને ઉત્તમ કોટિમાં મૂકવામાં આવે છે. એવા શેરોને "સહેલૂલ મુમ્તના" કહેવામાં આવે છે. એ રીતે ગુજરાતી ગઝલને મરીઝે માતબર બનાવી છે." [3]

મરીઝ સાહેબ, શૂન્ય, બેફામ, ગની દહીંવાળા, જલન, અમીન આઝાદ વગેરે પ્રતિભાવાન, મર્દાના કંઠ અને તરન્નુમના માલિક એવા ગઝલકારોના સમકાલીન હતા. એ જમાનો મુશાયરાનો સુવર્ણકાળ હતો. પરંતુ રજૂઆતની કચાશ, ક્ષીણ અવાજ, ઉચ્ચારદોષ અને નબળા વ્યક્તિત્વના કારણે મરીઝ મુશાયરામાં ઉપરોક્ત શાયરો જેવું સ્થાન બનાવી શક્યા નહિ. ક્યારેક તો ઉભા થાય ત્યાં 'બેસી જાઓ, બેસી જાઓ' જેવો ઘોંઘાટ થતો. પણ સુજ્ઞ ગઝલકારો મરીઝને પામી ગયા હતા. આમ પણ મરીઝ સાહેબ સામાન્ય શ્રોતાઓના શાયર ન હતા. તે શાયરોના શાયર હતા. સર્વશ્રી શયદા, આસિમ રાંદેરી, બદરી કાચવાલા, શૂન્ય, સૈફ, ઘાયલ, હરીન્દ્ર દવે, જલન બધે બધાજ આ સમાજથી ઉપેક્ષિત પણ નિખાલસ હૃદયના શાયરને માનભેર સાચવી લેતા.

જોડણી કે વ્યાકરણની સમજ વગર સીમિત ભાષાભંડોળ હોવા છતાં આવી પ્રાણવાન ગઝલોની રચના ચમત્કાર જેવું લાગે. તેમની ગઝલોમાં સંસ્કૃત-તત્સમ શબ્દો દેખાતા નથી, પરંતુ ઉર્દૂ-ફારસીના ગુજરાતી ભાષામાં રોજિંદા વપરાતા શબ્દો, રૂઢિપ્રયોગોનું બાહુલ્ય જોવા મળે છે.

૩. શૂન્ય પાલનપુરી - 'શહીદે ગઝલ', વર્ષ-૨, અંક-૩, સંપા. કાદરી શકીલ, પૃ. ૨૦૬.

મહદ્ અંશે સર્જકમાં નાણાની વ્યવસ્થા ગોઠવવાની આવડત હોતી નથી. સર્જકતા અને વ્યવહારિકતા વચ્ચે ભાગ્યે જ મેળ જોવા મળે, આપણે સર્જક પાસે વ્યવહારિક સમજની અપેક્ષા રાખીશું તો કદાચ એ એમની સર્જનાત્મકતા ઉપર અસર કરશે. કલાના લગભગ દરેક ક્ષેત્રે, નાટક, સિનેમા, સંગીત કે સાહિત્ય, ટોચના કલાકારો તેમના છેલ્લા વર્ષો આર્થિક તંગીમાં વિતાવતા હોય છે. ઈતિહાસ પણ એનો સાક્ષી છે. કલાકાર એમના સર્જનના સુવર્ણકાળમાં કલા દ્વારા લોકરંજન ઉપરાંત લોક શિક્ષણ અને તેમના સમયનો ચિતાર આપવાનું કામ કરે છે. માત્ર વાહ વાહ અને તાળીઓના ગડગડાટથી સર્જક કે તેના પરિવારની ભૌતિક જરૂરિયાતો સંતોષાતી નથી. સમાજે સર્જકની આર્થિક સગવડનો વિચાર કરવો ઘટે.

મરીઝ સાહેબના કેટલાક ઉમદા અને લોકપ્રિય શેર,

"બસ એટલી સમાજ મને પરવરદિગાર દે,
સુખ, જ્યારે જ્યાં મળે, બધાના વિચાર દે." (પુનરાગમન પૃ. ૧૮૪)

***

"જિંદગીના રસને પીવામાં કરો જલદી, 'મરીઝ'
એકતો ઓછી મદિરા છે ને ગળતું જામ છે." (એજન, પૃ. ૧૪૧)

***

"કહો દુશ્મનને, દરિયા જેમ હું પાછો જરૂર આવીશ.
એ મારી ઓટ જોઇને કિનારે ઘર બનાવે છે." (એજન, પૃ. ૧૩૯)

***

"બધો આધાર છે, એના જતી વેળાનો જોવા પર,
મિલનમાંથી નથી મળતા મહોબ્બતના પુરાવાઓ." (એજન, પૃ.૧૩૮)

મરીઝ સાહેબના શેર એટલા સરળ છે કે સમજાવવાની જરૂર ન હોય ને એટલા ગહન કે તમારે ડૂબકી મારવી જ પડે ને તો તરબતર થઇ જવાય. -રમિલા

**સંદર્ભ સૂચિ :**


૧) તમે યાદ આવ્યા : ભટ્ટ વિનોદ પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્રથમ આ. ૨૦૧૪

૨) પુનરાગમન સંપૂર્ણ શાયરી મરીઝ : સંપાદન આશર અપૂર્વ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૭, મુદ્રક પ્રકાશક : નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ,

૩) મરીઝોત્સવ-સંપાદકો : વાસી મોહનીસ અબ્બાસ, મનીઆર રઈશ, ચાવડા અનિલ, પ્રકાશક : આર. આર. શેઠ, અમદાવાદ પ્રથ



**રમીલાબેન શુક્લા**